અભ્યાસ પ્રશ્નોત્તરી

પ્રશ્ન 1, નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધો.

(1) અહીં 'માણસોનો ઠઠારો' એટલે ..

(ક) ધક્કામુક્કી (ખ) ભીડ (ગ) મેળો (ઘ) ઝગમગાટ

(2) હું ... એક જ જાતના સ્વર વચ્ચે થઈને 'પગથી પર ચઢી એટલે ...

(ક) પગેથી ચાલીને ગયો. (ખ) ફૂટપાથ પર ગયો.

(ગ) રોડ પર ગયો. (ઘ) એક પ્રકારના વાહનમાં ગયો.

(3) 'ભીખુ પાઠ માં 'આ છોકરો સ્તંભ હશે' શબ્દનો અર્થ શો છે?

(ક) નોકરી કરતો હતો (ખ) કુટુંબમાં જવાબદાર (ગ) કમાતો (ઘ) અડગ

(4) 'ભીખુ' પાઠની ઘટના ક્યા શહેરની છે?

(ક) દિલ્હીની (ખ) અમદાવાદની (ગ) ગોંડલની (ઘ) વિરપુરની

પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં આપો :

(1) લેખક અકસ્માતથી બચવા ક્યાં ચાલતા હતા?

ઉત્તર : લેખક અકસ્માતથી બચવા ફૂટપાથ પર ચાલતા હતા.

(2) છોકરાની મા તરફ શૉફર શા માટે ઠપકા ભરી નજર નાખી?

ઉત્તર : છોકરી નું ધ્યાન ન રાખવા બદલ છોકરાની મા તરફ શૉફરે ઠપકાભરી નજર નાખી.

(3) લેખક સ્ત્રીને ત્રણ પૈસા આપીને શા માટે દૂર જતા રહ્યા?

ઉત્તર: લેખકે ત્રણ પૈસા સ્ત્રીને આપતાં, પૈસાના ખખડાટથી જાગેલું છોકરું રખેને લેખક ને હેરાન કરે એ વિચારથી લેખક દૂર જતા રહ્યા.

(4) છોકરા એના (ભિખારી) ભાઈને શા માટે વળગી પડ્યા ?

ઉત્તર : છોકરી ભૂખ્યાં હતાં તેથી (ભિખારી) ભાઈ કંઈ લાવ્યો હશે એમ ધારીને તેને વળગી પડ્યા.

પ્રશ્ન 3, નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

(1) લેખક કોની વર્તણૂક બારીકાઈથી જોઈ રહ્યા હતા? શા માટે ?

ઉત્તર : લેખક એક દસ-બાર વર્ષના અત્યંત કંગાળ લાગતા છોકરાની વર્તણૂકને બારીકાઈથી જોઈ રહ્યા હતા, કારણ કે તે મીઠાઈની દુકાન આગળના એક ખૂણામાં ઊભો હતો. તે અત્યંત તૃષ્ણાથી અનિમેષ દષ્ટિએ મીઠાઈનો થાળ તરફ, ખાસ કરીને જલેબીના ચકચકિત ગૂંચળા તરફ જોઈ રહ્યો હતો.

(2) ભીખુ દાળિયા ખાતા શા માટે અટકી ગયો?

ઉત્તર : ભીખુએ છ પૈસાના દાળિયા જોખ્યા. પછી તે નીચે ધૂળમાં ચીંથરું પાથરી તેમાં દાળિયા બાંધવો લાગ્યો. તેણે તેમાંથી એક મુઠી ભરી દાળિયા લીધા. તે દાળિયા મોં માં મૂકવા જતો હતો ત્યાં તેણે તેના ભૂખ્યાં ભાંડુઓ યાદ આવ્યાં, તેથી તે દાળિયા ખાતાં અટકી ગયો.

(3) લેખકે હોટલ અને સિનેમાને શા માટે યાદ કર્યા?

ઉત્તર : લેખકે બે કલાક પહેલાં જ કલદાર રાણી છાપના રૂપિયા સાથે ભદ્રમાંથી શહેર તરફ મુસાફરી કરી હતી. તેમાંથી નવે આના સિનેમામાં અને સવા છ આના હૉટલમાં ખર્ચાઈ ગયા હતા. હવે લેખક પાસે માત્ર ત્રણ પૈસા જ બાકી રહ્યા હતા. તે તમને ભિખારણ બાઈને આપી દીધા. ભીખુએ પોતે ભૂખ્યા રહીને પોતાના ભૂખ્યાં ભાંડુઓ દાળિયા ખાવા આપ્યા હતા. આ જોઈને લેખકને થયું કે સિનેમા અને હોટલના વિલાસી ખર્ચા ઓછા કરવામાં આવે તો આવા ગરીબોને પોષી શકાય. આ લેખકે હોટલ અને સિનેમાને યાદ ક્યાં.

(4) ભીખુએ લેખક સામે લુચ્ચાઇમાં મો કેમ મલકાવ્યું?

ઉત્તર : ભીખુ પોતાના ભાંડુ માટે જલેબી જતી કરી, દાળિયા ન ખાધા. લેખકે આ હકીકત જોઈ. લેખકે એનું નામ પુછ્યું. પોતાની વાત લેખક કળી ગયા છે એવું જાણીને ભીખુએ લુચ્ચાઈમાં મોં મલકાવ્યું.

(5) ભીખુ નો ભાંડરડાં માટેનો પ્રેમ લેખક શા માટે ગમ્યો?

ઉત્તર : ભીખુ ખરીદેલા દાળિયા ચીંથરા માં બાંધી રહ્યો હતો, ત્યારે તેણે તેમાંથી દાળીયાની એક મુઠી ભરી; પણ દાળિયા ખાધા નહિ, તે ભૂખ નું દુઃખ ગળી જઈને છે મા પાસે પહોંચ્યો, તે મા આગળ જૂઠું બોલ્યો કે તેને એક શેઠે જલેબી ખવડાવી છે. તેથી લેખકને ભીખનો ભાંડરડાં માટેનો પ્રેમ ગમ્યો.

સ્વાધ્યાયના પ્રશ્નોત્તરી

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

(1) લેખકે ચાલતાં ચાલતાં ક્યાં અટકી ગયા? ત્યાં તેમણે શું જોયું છે. એમણે ત્રણ દરવાજા પાસે દર્દી
ઉત્તર : લેખકે ફૂટપાથ પર ચાલતા હતા. તે સમયે તેમણે ત્રણ દરવાજા બોલાયેલા આ શબ્દો સાંભળ્યા, 'એક કંગાલ પર ઇતની રહમ કરી !' આથી , ચાલતાં ચાલતાં અટકી ગયા. ત્યાં તેમણે દરવાજા વચ્ચે સાંકડી કમાનમાં એક અત્યંત કંગાળ સ્ત્રીને ત્રણ-ચાર બાળકો સાથે જોઈ.

(2) ભીખુએ જલેબી ખરીદીને શા માટે ખાધી નહિ?

ઉત્તર : જલેબી સુગંધથી ભીખુ નું મોં પાણી પાણી થઈ ગયું, છતાં તેણે જલેબી ખરીદી નહિ. ભીખુ અને તેના ભૂખ્યાં ભાંડુઓ યાદ આવ્યાં. અને જલેબીને બદલે છે, પૈસાના દાળિયા ખરીધા, જેથી બધા ભાંડુઓ થોડા થોડા દાળિયા ખાવા મળે.

(3) ભીખુ એની માં પાસે શા માટે ખોટું બોલ્યો?

ઉત્તર : ભીખુની મા અને એના ભાંડુ ભૂખ્યાં હતાં, એની પાસે એટલા દાળિયા નહોતા, કે જેથી ઘરના બધા ભૂખ સંતોષી શકાય. બધાંને દાળિયા મળી રહે એ માટે ભીખુ પોતે દાળિયા ખાધા નહિ, કુટુંબ પ્રત્યેની લાગણીને કારણે તે એની મા આગળ ખોટું બોલ્યો કે પોતે ધરાઈને ખાધું છે.

(4) ‘કુટુંબનો સ્તંભ’ કોને કહેવાય ?

ઉત્તર : ઘરનો સ્તંભ ઘર માટે ટેકા કે આધારનું કામ કરે છે. એમ જે વ્યક્તિ પર સમગ્ર કુટુંબનો આધાર હોય તેને ‘કુટુંબનો સ્તંભ' કહેવાય,

(5) “ભીખુ ભૂખનું દુ:ખ ગળી ગયો.' – એવું લેખક કેમ કહ્યું?

ઉત્તર : ભીખું પોતે પણ ખૂબ ભૂખ્યો હતો. ભૂખનું એ દુઃખ દૂર કરવા એણે છ પૈસાના દાળિયા ખરીદ્યા, દાળિયા મોં માં નાખવા જતા એને પોતાના ભૂખ્યાં ભાંડુ યાદ આવ્યાં. તે દાળિયા ખાઈ ન શક્યો, લેખકે તેથી કહે છે : 'ભીખ ભખનું દુ:'નું ગળી ગયો.”

(6) આ વાર્તાનું શીર્ષક તમે શું આપો? શા માટે?

ઉત્તર : આ વાર્તાનું શીર્ષક હું ‘અંતરના અમી’ નાખું, કારણ કે આ વાતનું મુખ્ય પાત્ર ભીખુ પોતે દુઃખ વેઠે છે, પણ મા અને ભાઈભાંડુનો વિશેષ ખ્યાલ રાખે છે. પોતે ભીખ માગીને લાવે અને પોતે ન ખાય પણ ભાઈભાંડુને ખવડાવે છે. જે ભીખુ અંતર માં રહેલા અમૃત તત્ત્વ છે.

પ્રશ્ન 2. નીચેનાં વાક્યો કોણ બોલે છે તે કક્કો :

(1) 'ખાવાનું તો ભાઈ લાવે ત્યારે….'

ઉત્તર : આ વાક્ય છોકરાની મા બોલે છે.

(2) 'એક શેઠિયે મને જલેબી ખવડાવી."

ઉત્તર : આ વાક્ય ભીખુ બોલે છે.

(3) 'મા ! કંઈ ખાવાનું છે ?'

ઉત્તર : આ વાક્ય ઊંઘમાંથી જાગ્યા ભીખારણ નું છોકરું બોલે છે.

(4) 'એઈ – આંખ પણ નથી કે શું?"

ઉત્તર : આ વાક્ય પારસી બાનુનો પટાવાળો બોલે છે.

પ્રશ્ન 3. નીચેના દરેક રૂઢિપ્રયોગ નો અર્થ આપી, વાક્યપ્રયોગ કરો :

(1) ઉગારી લેવું - બચાવીએ લેવું

વાક્ય : ડ્રાઇવર સમયસૂચકતા વાપરીને, મુસાફરોને અકસ્માતથી ઉગારી લીધા.

(2) વાત કળાઇ જવી – વાત સમજાઈ જવી

વાક્ય : પોતાની વાત કરાઈ ગઈ છે એ જાણીને રઘુ શરમિંદા થઈ ગયો.

(3 ) રાડ ફાટી જવી – ભયથી ચીસ પડી જવી

વાક્ય : રસ્તાની વચ્ચે ચાલતી બસ બ્રેક ફેલ થઈ જતા, સૌની રાડ ફાટી

(4) વદન કરમાઇ જવું – નિરાશ થઈ જવું

વાક્ય : પરીક્ષામાં નાપાસ થતા ચંપકનું વદન કરમાઈ ગયું.

પ્રશ્ન 4. સૂચવ્યા મુજબ કરો :

(1) આ પાઠમાં 'વદન' શબ્દ છે. આ શબ્દોમાં અક્ષરોનો ઉપયોગ કરી બીજા શબ્દો બનાવી શકાય :

જેમ કે –વદ, વન

(2) આ ઉપરાંત બીજા વધુ શબ્દો બનતા હોય તો બનાવો :

ઉત્તર : દન, દવ, નદ, નવ

(3 ) આ શબ્દોના અર્થ શબ્દકોશમાંથી મેળવો :

1. દન = દિવસ
2. દવ = દાવાનળ
3. નદ = મોટી નદી
4. નવ = ‘ 9 ’ (સંખ્યા)
5. વદ = કૃષ્ણ પક્ષ, અંધારિયું
6. વન = જંગલ

(4) આ શબ્દોના ઉપયોગ થી વાક્ય બનાવો

ઉત્તર:

(1) મંદિરના મધરાજે છેલ્લા છ **દન**થી અનાજ-પાણી છોડ્યા છે.

(2) જંગલોમાં **દવ** લાગ્યો છે.

(3) **નદ**ના ઊંડાં પાણીમાં થોડીઓ તરે છે.

(4) શંકર પ્રસાદ ને **નવ** ભાઈ-બહેન છે,

(5) મારા ભાઈનો જન્મ શ્રાવણ **વદ** ત્રીજનો છે.

(6) પહેલાના જેવો ગાઢ **વન** હવે રહ્યા નથી.

પ્રશ્ન 5. શબ્દશતરંજ

આપેલ કોષ્ટક ના આડા, ઊભા અને ત્રાંસા ખાનામાંથી નવ તેજસ્વી પ્રેરક બાળકોના નામ શોધો. દરેકનો ત્રણ-ચાર વાક્યોમાં પરિચય આપો..

ઉત્તર : (1) અજ ( 2 ) અભિમન્યુ (3) આરૂણી (4) કુશ (5) ધ્રુવ (6) નરેન્દ્ર (7) નચિકેતા (8) લવ (9) ઉપમન્યુ

(1) અજ – અજ સૂર્યવંશી રાજા રઘુનો પુત્ર હતો. ઈન્દુમતી નામની રાજકન્યાને તે પરણ્યો હતો, આકાશ માર્ગે જતા નારદની વીણા પરથી પુષ્પહાર ઇન્દુમતી ઉપર પડતા તેનું અવસાન થયું હતું. ત્યારે અજ રાજાએ વિલાપ કર્યો હતો.

(2) અભિમન્યુ - તે અર્જુનનો પુત્ર હતો. માતા સુભદ્રાના કુખે જન્મ્યો છે. કૃષ્ણનો તે ભાણેજ હતો, મહાભારતના યુદ્ધમાં તેર દિવસ સુધી તે બરાબર ઝઝુમ્યો હતો. કૌરવોએ ગોઠવેલા ચક્રવ્યુહમાં તે ફસાઈ ગયો. કૌરવોએ એનો અન્યાયથી વધ કર્યો.

(3) આરુણી – ગુરૂએ તેને ખેતરમાં પાણીમાં પાળો બાંધવાનું કામ સોંપ્યું હતું. પાણી જોરમાં આવ્યું હતું અને પાળો તૂટી જતો હતો. આથી પોતે જ ત્યાં સુઈ ગયો. પાણી અટકાયું. ગુરૂએ એને ઉઠાવ્યો એને શાબાશી આપી, પાછળથી તે જ “ઉદ્દાલક' તરીકે પ્રસિદ્ધ થયો.

(4) કુશ : ભગવાન શ્રી રામનો મોટો પુત્ર હતો. તેનો જન્મ વાલ્મીકિ ઋષિના આશ્રમમાં થયો હતો. શ્રીરામે અશ્વમેધ યજ્ઞ કર્યો ત્યારે કુશ અને તેના ભાઈ લવે યજ્ઞના ઘોડાને પડકારી શ્રીરામની સેના ને પડકારી હતી. તેણે કુશાવતી નગરીની સ્થાપના કરી હોવાનું મનાય છે.

(5) ધ્રુવ-તે રાજા ઉત્તાનપાદ અને એની અણમાનીતી રાણી સુનીતિનો પુત્ર હતો. પાંચ વર્ષની વયે પિતાના ખોળામાં બેસવાની બાબતમાં રાજાઓની માનીતી રાણી સુરુચિ તેનું અપમાન કયું. તેથી તે જંગલમાં ગયો અને તેણે ઘોર તપ કરી ભગવાન વિષ્ણુને પ્રસન્ન કર્યા.

(6) નરેન્દ્ર-સ્વામી વિવેકાનંદ નું બાળપણ નું નામ નરેન્દ્ર હતું. નાનપણથી જ તે તેજસ્વી, બુદ્ધિમાન તેમજ શક્તિશાળી હતા. તેમણે એક શક્તિશાળી આખલાને બે શિંગડા પકડી પછાડ્યો હતા. રામકૃષ્ણ પરમહંસ ના શિષ્ય બન્યા પછી પરમહંસે તેને ‘વિવેકાનંદ' નામ આપ્યું. દરિદ્રનારાયણોની સેવા જેમનો જીવનમંત્ર હતો.

(7) નચિકેતા -તે ગૌતમ ગોત્રના થયેલા આરુણિ (ઉદાલક) ઋષિ ના પુત્ર હતો. ઉદાલક ઋષિ યજ્ઞ કર્યો. તેમણે ઘરડી ગાયો દાનમાં આપવા માંડી. આપ મને કોને આપો છો ?- તેણે પિતાને પૂછ્યું. પિતા મુંઝાયા. ગુસ્સે થયા. ‘યમને” તેમણે જવાબ આપ્યો. નચિકેતા યમ પાસે ગયો. યમ નચિકેતા પર પ્રસન્ન થયા. તેમણે નચિકેતાને ત્રણ વરદાન આપ્યા.

(8) લવ-તે ભગવાન શ્રીરામનો નાનો પુત્ર હતો. સીતાની કુખે તેનો જન્મ વાલ્મીકિ ઋષિના આશ્રમમાં થયો હતો. લવ અને તેના ભાઈ કુશે શ્રીરામના અશ્વમેધ યજ્ઞના ઘોડાને રોકીને શ્રીરામની સેના ને પડકારી હતી.

(9) ઉપમન્યુ - ઉપમન્યુ ધૌમ્ય ઋષિ નો શિષ્ય હતો. તેને આશ્રમ ની ગાયો ભરવાનું કામ સોંપ્યું હતું. આકડાનું દૂધ આંખમાં પડવાથી તે આંધળો થતાં કૂવામાં પડ્યો, ગુરુએ તેને કુવામાંથી બહાર કાઢ્યો હતો. અશ્વિની કુમારની કૃપાથી તે ફરીથી દેખાતા થયો હતો.